એક પ્રસન્નચિત્ત હૃદય, ત્યાગી અને સંતોષી ઘરના અન્ય લોકોને આનંદમાં રાખવામાં સફળ થાય છે
- સ્વેટ મોર્ડન

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૨ | ૨ ફેબ્રુઆરી, ૨૦૧૩, શનિવાર; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લાના ૪૪ માર્ગો માટે ૩૯.૬૯ કરોડ ખર્ચાશે

જિલ્લાના ૧૪ મુખ્ય માર્ગો અને ૨૯ ગ્રામ્ય માર્ગોની મરામત માટે માતબર રકમની ફાળવણી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં ૪૪ જેટલા ગ્રામ્ય રસ્તાઓ માટે ખાસ મરામત સદરે ૩૯ કરોડ ૬૯ લાખ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જે ૪ માર્ગોને આ ખાસ મરામત સદરે આવરી લેવામાં આવ્યા છે તેમાં મુખ્ય જિલ્લા માર્ગો ૧૪ માર્ગ છે તો ૨૯ માર્ગો ગ્રામ્ય માર્ગો છે.

મળતી વિગતો મુજબ છેલ્લા સાત વર્ષથી આ માર્ગોના ડામર કામ કરવામાં આવ્યા નથી. ૩ જેટલા માર્ગ અન્ય જિલ્લા સાથે જોડતા માર્ગો પણ આ કામગીરીમાં આવરી લેવામાં આવ્યા છે.

બાંધકામ શાખાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે મુખ્ય જિલ્લા માર્ગો માટે રૂ. ૨૨ કરોડ ૧૨ લાખ, અન્ય જિલ્લાને જોડતા માર્ગો માટે રૂ. ૧ કરોડ ૮૭ લાખ અને ગ્રામીણ માર્ગો માટે રૂ. ૧૫ કરોડ ૬૯ લાખ રૂ. જેટલી રકમ ફાળવવામાં આવી છે.

આ માર્ગોનું રિસરફેસીંગ તેમજ સુદૃઢીકરણની કામગીરી માર્ચ ૨૦૧૩ સુધીમાં સંપન્ન થઈ જશે તેવું આ સત્રોનું માનવું છે. જિલ્લાના માર્ગોની સુધારણાનું આ અભિયાન સંપન્ન થતાં આંતર માળખાકીય સુવિધાઓ મજબુત બનશે.

આ માર્ગોની લંબાઈ ૧૨૫ કિ.મી. જેટલી હોવાનું પણ જાણવા મળેલ છે. આ માર્ગોમાં નાંદોલ-ઉદણ રોડ ૧૫ કિ.મી.નો આજોલ-ચડાસણા રોડ ૮ કિ.મી.નો છત્રાલ એપ્રોચ રોડ, રણછોડપુરા એપ્રોચ રોડ, સાંપા લીહોરા માર્ગ જેવા માર્ગોનો સમાવેશ થાય છે.

જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રિ-ગુણોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ફેબ્રુઆરી માસના ત્રીજા સમાહમાં પ્રિ-ગુણોત્સવ-૨૦૧૨ યોજવા માટેનું આયોજન જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

૨૦૧૧ના ગુણોત્સવમાં આવેલા પ્રોત્સાહક પરિણામોને પગલે પ્રિ-ગુણોત્સવનું અભિયાન આ વર્ષે પણ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે અને આ માટેનું આયોજન હાથ ધરી દેવામાં આવ્યું છે. જિલ્લાની ૫૦૦થી પણ વધુ પ્રાથમિક શાળાઓને આ ગુણોત્સવ અભિયાનમાં આવરી લેવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીના જણાવ્યા પ્રમાણે પ્રિ-ગુણોત્સવ અભિયાનથી જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા ઝુંબેશ સઘન બને છે તે આગળના અનુભવમાં સ્પષ્ટ જણાઈ આવ્યું છે. આ પ્રિ-ગુણોત્સવને કારણે શાળામાં કઈ ત્રુટીઓ છે તે પણ ધ્યાને આવે છે અને તે દુરસ્ત થઈ શકે છે.

બીજી તરફ સામાન્યતઃ નવેમ્બર-ડિસેમ્બર દરમ્યાન યોજવામાં આવતો ગુણોત્સવનો કાર્યક્રમ રાજ્ય વિધાનસભાની ચૂંટણીને કારણે યોજી શકાયો નથી.

● અનુસંધાન પાન-૭ પર

સરકારી રહેણાંકોની અવદશા - ગાંધીનગરમાં ૨૦૦૦થી વધુ સરકારી રહેણાંક મકાનો ખાલી છે. અને એમાંથી ૫૦ ટકા ઉપરાંતના રહેણાંકો મરામતના અભાવે પડવાના વાંકે ઊભા છે.... સેક્ટર-૧૬ અને સેક્ટર-૬ના બે બ્લોક ધરાશયી થયાના સમાચારો તો અગાઉ અખબારોના પાને છપાયા છે... હજુ પણ સેક્ટર-૧૬ અને સેક્ટર-૨ ઉના કેટલાય કેટેગરીના મકાનો જર્જરિત હાલતમાં ઊભા છે... ક્યારે ઘૂણા આવે, ક્યારેક દયા આવે એવા સંજોગોમાં ઊભેલા આ સરકારી રહેણાંકો માટે વિચારાય તો સંભવિત નુકસાનમાથી ઉગરી જવાય.. આજની સ્થિતિમાં ઘણા બિનસરકારી અને બદલીપાત્ર સરકારી કર્મચારીઓ મકાન માટે કતારમાં છે ત્યારે આ ખાલી મકાનો મરામત કરી ફાળવવાની નીતિ ઘડાય તો મકાનો સચવાય બીજું કર્મચારીઓને મકાન મળે અને ત્રીજું આ જર્જરિત મકાનોનો દૂરઉપયોગ થતો અટકે.... આમ ત્રેવડો ફાયદો થઈ શકે તેમ છે.... (તસવીર : દિપક જાની)

તાલુકા પંચાયતમાં વધુ ૪૪ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં આજે ૪૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં આ સાથે કુલ ૫૪ ઉમેદવારો થવા જાય છે. જો કે હજુ ચાર બેઠકો એવી છે જ્યાં એકપણ ઉમેદવારી પત્ર ભરાયું નથી.

જે ચાર બેઠકો પર ઉમેદવારીપત્ર ભાયુ નથી તેમાં અડાલજ, શેરથા, રાયપુર અને સાદરા બેઠકનો સમાવેશ થાય છે. બન્ને પક્ષો દ્વારા હજુ સત્તાવાર ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી નથી. આ વેળાએ બેઠકોના રોટેશનમાં કરાયેલા ફેરફારને પગલે ઉમેદવારોની પસંદગીને લઈ બન્ને પક્ષમાં સારી એવી કશ્મેકશ લડાઈ જામી છે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૮ જેટલી બેઠકોના નામ નક્કી થઈ ગયા છે અને કાલે સવારે બધાને મેન્ડેટ આપી દેવામાં આવશે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૫ બેઠકોના નામ આખરી થઈ ગયા છે અને આજે બપોરે બે વાગ્યા સુધીમાં તમામ બેઠકો માટે ઉમેદવારોને મેન્ડેટ આપી દેવામાં આવશે.

આજે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે. શુક્રવારે ૪૪ વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં સૌથી વધુ ઉમેદવારો ડભોડા-૧ ની બેઠક પર નોંધાયા છે જ્યાં શુક્રવાર સુધીમાં પાંચ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ પછી બીજા ક્રમે,

આજે ઉમેદવારીપત્ર માટેનો અંતિમ દિન

ઈસનપુર મોટા અને ડભોડા-૨ બેઠક આવે છે જ્યાં ૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ધણપ-દોલારાણા-વાસણા, રાંધેજા-૨ બેઠક પર અપક્ષ ઉમેદવારોએ મેદાનમાં ઝંપલાવ્યું છે. ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે અને બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી માટે છેલ્લી ઘડીના દાવ ખેલાઈ રહ્યા છે. જો કે બન્ને પક્ષો નોરીપીટની થીયરી અપનાવવાનો નિર્ણય કર્યો હોવાથી તેમજ બેઠકોના રોટેશનમાં થયેલા ફેરફારને પગલે તેમની કવાયત વધુ અઘરી બની હોવાનું બન્ને પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

શુક્રવારે ઉમેદવારી કરનારાઓમાં વાવોલના શ્રી કુબેરસિંહ ગોલ, ઉનાવા બેઠક માટે શ્રી ઘનશ્યામસિંહ વાઘેલા, ટીંટોડાની બેઠક માટે ઠાકોર બળદેવજી સેંધાજી, રૂપાલ બેઠક માટે ભાવનાબેન પટેલ, ડભોડા-૧ બેઠક માટે સજ્જનબેન પરમાર, કોલવડા બેઠક માટે ઠાકોર ગોવિંદજી ચેલાજી, કુડાસણ બેઠક માટે રાજેશભાઈ પટેલ વિગેરેનો સમાવેશ થાય છે.

શુક્રવારે મામલતદાર ઓફિસમાં ૨૧ અને તાલુકા વિકાસ અધિકારીની કચેરીમાં ૨૩ ફોર્મ ભરાયા હતા. દસ ઉમેદવારોએ અગાઉ ઉમેદવારી નોંધાવી હતી. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોની સંખ્યા ઓછી જણાઈ રહી છે. જેથી ભાજપ-કોંગ્રેસ વચ્ચે આ ચૂંટણીમાં સીધો જંગ ખેલાશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓમાંથી રાજીનામું આપનાર ત્રણેય સભ્યોની ૧૧મીએ સહી ચકાસણી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓમાંથી રાજીનામું ધરી દેનાર ૩ સભ્યોને તેમની સહીથી ચકાસણી માટે જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. ભટ્ટે ૧૧મી ફેબ્રુઆરીના રોજ રૂબરૂ બોલાવ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૫મી જાન્યુઆરીએ મળેલ સામાન્ય સભામાં સાત સમિતિઓની રચનાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પછી ૩ સભ્યો સર્વશ્રી અજીતસિંહ રાઠોડ, જયોત્સનાબેન પટેલ અને ગાંભુસિંહ ઠાકોરે સમિતિઓમાંથી અંગત કારણોસર તેમજ અન્ય વ્યસ્તતાને લઈ સભ્યપદેથી રાજીનમા આપતા પત્રો જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કર્યા હતા.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સભ્યોએ આપેલા રાજીનામા પછી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ સભ્યોની સહિની ખરાઈ માટે તેમને રૂબરૂ સાંભળવાનો

● અનુસંધાન પાન-૭ પર

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગૃપ-બી અને ગૃપ-એબી માટે ગુજકેટની પરીક્ષા

સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદો અપાશે તો NEETની પરીક્ષા લેવાશે : આરોગ્યમંત્રી નીતિનભાઈ

ગાંધીનગર, તા. ૧

રાજ્યના આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, જો NEETની પરીક્ષા લેવામાં સમય લાગે તો ચાલુ વર્ષે મેડીકલમાં પ્રવેશની કાર્યવાહી વિલંબીત થાય નહી અને ગુજરાતના વિદ્યાર્થીઓનું હીત જોખમાય નહી તે માટે જો NEETની પરીક્ષા સમયસર ન લેવાય તો ગુજકેટની પરીક્ષા લેવી જરૂરી હોઈ રાજ્ય સરકારે આ વર્ષે ગૃપ બી તથા એબીના વિદ્યાર્થી માટે ગુજકેટની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે.

સર્વોચ્ચ અદાલતે દેશના તમામ રાજ્યોમાં એમ.બી.બી.એસ. અને બી.ડી.એસ. અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે એક સમાન ધોરણે NEET ની પરીક્ષા લઈ પ્રવેશ આપવાના નિર્દેશો રાજ્ય સરકારોને કર્યા છે. અને સી.બી.એસ.ઈ. બોર્ડને આ પરીક્ષા લેવા માટેની કામગીરી સોંપી છે. સુપ્રિમ કોર્ટના આ આદેશ સામે સમગ્ર દેશમાંથી અનેક રીટ અરજીઓ દાખલ કરાઈ છે, જેની અત્યારે સુપ્રિમ કોર્ટમાં દૈનિક સુનાવણી ચાલી રહી છે.

મંત્રીશ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે પણ રાજ્યોના વિદ્યાર્થીઓના વ્યાપક હીતને ધ્યાને રાખી કેટલાક સૂચનો સાથે સુપ્રિમ કોર્ટમાં એફીડેવીટ દાખલ કરી છે. જેમાં મુખ્ય માંગણીઓ પ્રમાણે અંગ્રેજી અને હિન્દી ભાષા સાથે ગુજરાતી ભાષામાં પણ વિદ્યાર્થીઓ NEETની પરીક્ષા આપી શકે તે માટે મંજૂરી આપવી તેમજ ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષામાં મેળવેલા ગુણને ૫૦ ટકાનું વેઈટેજ અને NEET ના ગુણને ૫૦ ટકાનું વેઈટેજ એમ ગણીને મેરીટ લીસ્ટ તૈયાર કરવું જેથી ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડને પણ પ્રાધાન્ય મળી શકે.

આ ઉપરાંત આ માંગણીઓમાં નેશનલ કોટાની જે ૧૫ ટકા સીટો અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ માટે ગુજરાતની કોલેજોમાં અનામત રખાયી છે તે અને દેશની અન્ય મેડીકલ કોલેજની નેશનલ કોટાની બેઠકો ઉપર પ્રવેશ માટે ગુજરાતી

● અનુસંધાન પાન-૭ પર

પંચાયતની ચૂંટણીનાં દિવસે જાહેર રજા રહેશે

અમદાવાદ, તા. ૧

આગામી ૧૭ ફેબ્રુઆરીના રોજ યોજનારા જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં શ્રમયોગીઓ, કર્મચારીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારીથી વંચિત ન રહે અને મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીય અને ખાનગી બેંકો અને સહકારી બેંક અને રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરી, રેલવે,

● અનુસંધાન પાન-૭ પર